

# કોચિંગ ક્લાસ
## હવે બિઝનેસના અડ્ડા બની ચૂક્યા છે?

## પગરવ
★ પ્રશસ્ત પંડયા

કોચિંગ ક્લાસની ઈન્ડસ્ટ્રીઝનો જે રીતે બિઝનેસ આગળ વધી રહ્યો છે તે પરથી ખ્યાલ આવે કે આપણું શિક્ષણ સાવ નકામું થઈ છે. કોચિંગ ક્લાસની ઈન્ડસ્ટ્રી શું છે અને તે ઈન્ડસ્ટ્રીમાં પગ જમાવવા ક્યાં સુધી જવું પડે છે તે હાલમાં બિહારના કોચિંગના જાયન્ટ ફિગર 'ખાન સર'ની ઘટના પરથી ખ્યાલ આવી શકે. ઉત્તર પ્રદેશના દેવરિયાથી આવનારા 'ખાન સર'થી ઓળખાતા ફૈઝલ ખાનની પટનાના મુસલ્લાહપુરમાં 'ખાન ગ્લોબલ સ્ટડીઝ' કાર્યરત છે. 'ખાન સર'ની ઓળખ બિહારના વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે વાજબી ફીએ ટ્યૂશન ક્લાસ ચલાવવાની તો છે જ; પણ સાથે હવે તેઓ ડિજિટિલ મીડિયા પર પણ દેશમાં નહીં વિશ્વભરમાં ઓળખ ધરાવે છે. તેમની આ ખ્યાતિ વધી તેમ પટનામાં સ્પર્ધાત્મક પરીક્ષાના સેન્ટર ચલાવનારા અન્ય એક 'જ્ઞાન બિંદુ સેન્ટર' સાથે તેમની ચડસાચડસી થઈ. હાલમાં થયેલા વિવાદનું કારણ બિહારમાં લેવાયેલી પોલીસ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષા હતું. આ પરીક્ષામાં 'ખાન ગ્લોબલ સ્ટડીઝ' અને જ્ઞાનબિંદુ સેન્ટર'- બંને એવો દાવો કરી રહ્યા હતા કે અમારા વધુ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. આ બબાલ ચાલી રહી હતી તે દરમિયાન 2 જૂનના રોજ 'જ્ઞાન બિંદુ સેન્ટર'ના જૂથે 'ખાન ગ્લોબલ સ્ટડીઝ'ના હોર્ડિંગ અને પોસ્ટરને નુકસાન પહોંચાડ્યું અને તે પછી 'ખાન સર'ના સ્ટાફ- સુરક્ષાકર્મીઓને માર્યા પણ ખરા. આ નિવેદન 'ખાન સર'ના જૂથ તરફથી આવ્યું છે. તે પછી 'ખાન સર'ના જૂથ દ્વારા પણ 'જ્ઞાન બિંદુ સેન્ટર'ના હોર્ડિંગને તોડી પાડવાની ઘટના એક વિડિયોમાં નોંધાઈ હતી. આ રીતે બંને જૂથ દિવસોથી એકબીજા પર આરોપ કરી રહ્યા હતા અને મિલકતોને નુકસાન પહોંચાડી રહ્યા હતા. એક વખત 'ખાન સર'ના ઈન્સ્ટિટ્યૂટ પર પથ્થરબાજી પણ થઈ. 2 જૂનના રોજ 'ખાન સર'દ્વારા 'જ્ઞાન બિંદુ સેન્ટર'ના સર્વેસર્વા રોશન આનંદ પર આ મુદ્દે પ્રથમ એફ.આઈ. આર. નોંધાઈ. એ પછી 'ખાન સર'ના બે સુરક્ષાકર્મીઓએ પોલીસને એ મતલબનું નિવેદન આપ્યું કે તેઓએ 'ખાન સર'ના કહેવાથી સામેના જૂથ પર ગન ફાઈરીંગ કર્યું હતું. આ સંબંધે 'ખાન સર'પર એફ.આર.આઈ. નોંધાઈ અને તેમાં નિવેદન આપનારા બે સુરક્ષાકર્મી સહિત 'ખાન સર' પર પણ ગુનો નોંધાયો. જોકે 9 જૂનના રોજ પટના જિલ્લા કોર્ટ દ્વારા 'ખાન સર'ને વચગાળાની જામીન આપવામાં આવ્યા છે.

આ પૂરી ઘટના ટાંકવાનો ઉદ્દેશ એટલો જ કે આ બંને ઈન્સ્ટિટ્યૂટ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવે છે અને અહીંયા શિક્ષણ લેનારા અનેક વિદ્યાર્થીઓ સરકારી નોકરીઓમાં ઉંચા પદ સુધી પહોંચે છે. આ સ્થિતિમાં અહીંયા અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પણ આ ચડસાચડસી જોઈ હશે, તેની અસર તેમના પર શું થઈ શકે તે કલ્પી શકાય. શિક્ષણ જગતનો ડાટ વળી ચૂક્યો છે અને તેના ઉદાહરણોની આપણે ત્યાં કમી નથી. 'ખાન સર' અને તેમના પ્રતિસ્પર્ધી વચ્ચે થયેલી બબાલનું મૂળ કારણ આ બિઝનેસમાં કોઈ પણ હિસાબે વર્ચસ્વ જમાવી રાખવાનું છે. તેનો અંદાજ એ રીતે પણ આવી શકે કે 'ધ પ્રિન્ટ' નામના ન્યૂઝ પોર્ટલમાં આવેલી એક સ્ટોરીમાં ટ્યૂશન ક્લાસનો વર્ષે દેશમાં જે ટર્નઓવરનો આંકડો દર્શાવવામાં આવ્યો છે; તે આશ્ચર્ય થાય એટલો છે. દર વર્ષે તેમાં કેવી રીતે વધારો થઈ રહ્યો છે તે માહિતી પણ આ લેખમાં રજૂ થઈ છે. 2015માં કેન્દ્રના શિક્ષણ મંત્રાલયના નિષ્ણાતોની સમિતિએ જે આંકડામાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટની રેવન્યૂનો અંદાજ કાઢ્યો હતો તે 24,000 કરોડનો હતો. તે પછી 2022 સુધીમાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટની રેવન્યૂ બમણાંથી વધુ થઈને 58,088 કરોડ સુધી પહોંચી હતી, અને 2028 સુધી તે આંકડો 1,33,995 કરોડ સુધી પહોંચશે તેનો અંદાજ છે. આ આંકડો આટલી ઝડપી ગતિએ વધ્યો તેનું એક કારણ કોરોના છે અને બીજું કારણ ટૂંકાગાળામાં સસ્તો થયેલો ઈન્ટરનેટ ડેટા છે.

કોચિંગ સેન્ટરનો બિઝનેસ આટલો ફૂલ્યોફાલ્યો છે તેમાં આપણું મુખ્યધારાનું એટલે કે શાળા-કૉલેજના શિક્ષણની ઘોર નિષ્ફળતા તો છે જ, પરંતુ તે સાથે સરકારે તે પ્રત્યે કરેલા આંખ આડા કાન છે. સ્પર્ધાત્મક અને અન્ય સરકારી પરીક્ષામાં કોચિંગ સેન્ટરનો બિઝનેસ વધી રહ્યો છે તેમાં વિદ્યાર્થીઓને ખોટાં વચનો પણ આપવામાં આવે છે. જાહેરાતને લઈને પણ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવામાં આવે છે. વિશેષ કરીને આવું મુખ્ય શહેરો કરતાં નાના શહેરોમાં વધુ થાય છે. જાહેરાતમાં ઘણી વાર કોચિંગ સેન્ટર એવું લખે છે કે, '100 પર્સેન્ટ ગેરન્ટી' અથવા તો 'ઈન્ડિયાઝ નંબર વન ઈન્સ્ટિટ્યૂટ'. આવાં દાવાઓથી વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા દોરવાય છે અને ભવિષ્ય ઘડવાની ચિંતામાં આ જાળમાં ફસાય છે. આ વિશે કેન્દ્ર સરકારે એક ગાઈડલાઈન પણ ઘડી કાઢી છે. પરંતુ તે ગાઈડલાઈનની અસર કોચિંગ સેન્ટર પર થઈ હોય એવું લાગતું નથી. આ ગાઈડલાઈન મુજબ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ 16 વર્ષથી નાના વિદ્યાર્થીઓને એનરોલ કરી શકે નહીં. વિદ્યાર્થીઓને બારમું પાસ કર્યા બાદ જ કોચિંગમાં એનરોલ કરી શકાય. ઉપરાંત કોચિંગ સેન્ટરમાં જે કોઈ પણ શિક્ષક હોય તેનો અભ્યાસ ગ્રેજ્યુએશનથી ઓછો ન હોવો જોઈએ. ખોટી જાહેરાત અને દાવાઓ પણ જો કોઈ કોચિંગ ક્લાસ કરશે તો તેને દંડવામાં આવશે તેવી જોગવાઈ આ ગાઈડલાઈનમાં મૂકવામાં આવી છે. પરંતુ આ ગાઈડલાઈનનો જમીની સ્તરે કેટલો અમલ થાય છે તે આપણે જાણીએ છીએ. કોચિંગના આ બિઝનેસમાં મુખ્યત્વે સ્પર્ધાત્મક પરીક્ષા અને સરકારી નોકરીઓની પરીક્ષાની વાત કરવામાં આવી છે; પણ તે સિવાયેય જે કોચિંગ ક્લાસ આપણે ત્યાં થાય છે તેની ગણતરી હજુ સુધી મંડાઈ નથી.

આ ગાઈડલાઈનમાં જે નથી કરવાનું તે તો દર્શાવવામાં આવ્યું છે, પરંતુ જવાબદાર કોચિંગ સેન્ટર દ્વારા શું થવું જોઈએ તે નિષ્ણાતોની ટીમ દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. આ અંગે 'ઈન્ડિયા ટુડે'માં લેખ મુજબ, ભણાવવા ઉપરાંત કોચિંગ સેન્ટરોએ નિયમિત રીતે પરીક્ષા લેવી જોઈએ; વિદ્યાર્થીઓની પ્રગતિ કેવી છે તે વિશેનું મૂલ્યાંકન કરવું; જે મુદ્દામાં વિદ્યાર્થીઓને પ્રશ્ન હોય તે સંદર્ભે તેનું સમાધાન કેવી રીતે લાવી શકાય તેનું વિશેષ શેસન ગોઠવવું; દરેક વિદ્યાર્થીઓની સાથે સંવાદ થાય; ઈમોશનલ સપોર્ટની વિદ્યાર્થીઓને જરૂર હોય તો તે મળી રહે; વિશેષ કરીને તો સ્પર્ધાત્મક પરીક્ષામાં ઈન્ટર્વ્યૂ અને કોમ્યુનિશેનની સ્કીલ કેળવાય તેવા પ્રયાસ થાય. સૌથી અગત્યનું કે વિદ્યાર્થી માત્ર શિક્ષણકાર્યમાં જ અવ્વલ રહે તેવું નહીં, પરંતુ માનસિક અને લાગણીની રીતે પણ વધુ મજબૂત થાય તે પણ ધ્યાન રાખવું જોઈએ.

શિક્ષણ સરકારની જવાબદારી છે, પરંતુ સરકાર હાથ ઊંચા કરી દે અને જ્યારે કોચિંગ ક્લાસિસ માત્ર પોતાના સ્વાર્થ ખાતર વિદ્યાર્થીઓના ભવિષ્ય કરતા પોતાની કમાણી વિશે વિચારે ત્યારે વિદ્યાર્થી તરીકે પોતે સજાગ થવું જરૂરી છે. આ સંદર્ભે પૂરતી તપાસ કરીને કોઈ પણ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાવવું જોઈએ. આ વિશે કેટલીક પાયાની માહિતી છે.

**ફી ભરવાને લઈને અને એડમિશન મેળવી લેવા સુધ્ધામાં આ પ્રકારના દાવા થાય છે કે જો તમે મર્યાદિત સમયમાં ફી ભરશો તો ઓછી ભરવી પડશે અને આ સમયમાં એડમિશન નહીં લો તો એડમિશન મળશે નહીં**

જેમ કે, ફેકલ્ટી અનુભવી છે કે નહીં. જો શિક્ષકો અનુભવી હશે તો જ તેઓ વિદ્યાર્થીઓને કશું વિશેષ આપી શકશે. બીજું કે 'મર્યાદિત સમય'ના લાલચથી લોભાશો નહીં. ફી ભરવાને લઈને અને એડમિશન મેળવી લેવા સુધ્ધામાં આ પ્રકારના દાવા થાય છે કે જો તમે મર્યાદિત સમયમાં ફી ભરશો તો ઓછી ભરવી પડશે અને આ સમયમાં એડમિશન નહીં લો તો એડમિશન મળશે નહીં. આ પ્રકારની ભીતિમાં ક્યારેય આવવું નહીં. ક્યારેય ડેમો ક્લાસમાં ભરીને નિર્ણય લેવો નહીં, હંમેશા ખરેખર ક્લાસ કેવાં થાય છે તે જોઈને જ નિર્ણય લેવો. બહુ મોટી બેચ હોય તો તેમાં એડમિશન લેવાનું ટાળવું. આ પ્રકારની બેચમાં દરેક વિદ્યાર્થીઓ પર ધ્યાન આપી શકાતું નથી. બસ માત્ર ટોપરને જોઈને પણ કોઈ ઈન્સ્ટિટ્યૂટ પર ભરોસો કરવો નહીં, વિશેષ કરીને એવું જોવું કે તેમાં સરેરાશ વિદ્યાર્થીનો અનુભવ શું છે. સૌથી અગત્યનું ઈન્સિટ્યૂટમાં સુરક્ષા અને અન્ય માપદંડોની યોગ્ય છે કે નહીં તે પણ વિદ્યાર્થી તરીકે જોવાની ફરજ છે.

કોચિંગ ક્લાસની વાત કરતાં હોઈએ ત્યારે દિલ્હીની એક ઘટના અચૂક યાદ કરવી જોઈએ. 27 જુલાઈ, 2024ના રોજ દિલ્હીમાં આઈ.એ.એસ. પરીક્ષાની તૈયારી કરનારા ત્રણ વિદ્યાર્થીઓ શ્રેયા યાદવ, તાન્યા સોની અને નેવિન દલવિન એક બેઝમેન્ટમાં મૃત્યુ પામ્યાં હતાં. આ બેઝમેન્ટમાં વધુ વરસાદના કારણે પાણી એટલા ઝડપથી ભરાયું કે આ વિદ્યાર્થીઓ બહાર આવી શક્યા નહીં. તે વખતે પણ કોચિંગ ક્લાસિસ પર અનેક પ્રશ્નો ખડા થયા હતા, જોકે તે પછી પણ બધું ઢીલું મૂકાયું.

2021માં ચીન સરકારે ટ્યૂશન પર અંકુશ આવે તે પ્રકારની નીતિ ઘડી હતી અને વિદ્યાર્થીઓ પર આવી રહેલા દબાણ કેવી રીતે ઘટાડી શકાય તેના પર કામ કર્યું હતું. તેની અસર ચીનના શિક્ષણ વ્યવસ્થા પર દેખાઈ અને તે વિશે ચીનના પ્રેસિડન્ટ શી જિનપિંગ જાહેરમાં નિવેદન પણ આપ્યું હતું. ચીન તેની શિક્ષણ પદ્ધતિ પર ગ્રાઉન્ડ લેવલ પર કાર્ય કરે છે અને તે પ્રશ્નોનું વાસ્તવિક સમાધાન પણ શોધે છે. હજુ આપણા ત્યાં સંભાવના દૂર લાગી રહી છે, નહીંતર 'નીટ'અને 'સીબીએસઈ'ની પરીક્ષામાં જે રીતે છબરડાં જોવા મળ્યા, તે જોવા ન મળત. હજુ પણ સૌ કોઈ સરકાર પર મીટ માંડીને બેઠા છે. સરકાર પર શિક્ષણ બાબત પર આધાર રાખીશું તો અનુભવે એવું લાગી રહ્યું છે કે તેમાં શિક્ષણ હજુય ખાડે જશે, એટલે હવે વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાએ સજાગ થવું પડશે.

